# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**બિડાણ :** નાયબ સચિવ(પેન્શન), નાણા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પશન/ ૧૦૨૦૨૨/ સીએમ-૯૯/પી તા.૦૯/03/૨૦૨૨

**વિષય :** રાજ્ય સરકારના તા. ૦૧/૦૧/૨૦૨૦ થી તા. 30/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત્ત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઈટી અને રજાના રોકડમાં રૂપાંતર માટે મોંઘવારી ભથ્થાની ગણતરી કરવા બાબત.

---

જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૨૦૧૫/૨૦૨૨ તા.૧૧/03/૨૦૨૨

**સામેલ : ઉપર મુજબ**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના :**

સંબંધિત સર્વેને અમલ થવા સારું.

૨/- આ સાથે સામેલ નાયબ સચિવ(પેન્શન), નાણા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પશન/ ૧૦૨૦૨૨/ સીએમ-૯૯/પી તા.૦૯/03/૨૦૨૨ ના પત્રમાં જણાવેલ વિગતે અમલ થવા સારું.

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના રોકડમાં રુપાંતર માટે મોંઘવારી ભથ્થાની ગણતરી કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૨૨/સીએમ-૯૯/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: [illegible] 2022

વંચાણે લીધા:
(૧) ભારત સરકારનો તા.૨૩.૦૪.૨૦૨૦ નો કચેરી હુકમ નં.૧/૧/૨૦૨૦/ ઈ.૨(બી)
(૨) ભારત સરકારનો તા.૨૦.૦૭.૨૦૨૧ નો કચેરી હુકમ નં.૧/૧/૨૦૨૦/ ઈ.૨(બી)
(૩) નાણા વિભાગના તા.૨૨.૯.૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૧૬/જીઓઆઈ-૭/ચ
(૪) ભારત સરકારનો તા.૦૭.૦૯.૨૦૨૧ નો કચેરી હુકમ નં.૧(૫)/ઈ.વી/૨૦૨૦

**પ્રસ્તાવના :**

વંચાણ હેઠળના ક્રમાંક(૧)ના ભારત સરકારના તા.૨૩/૦૪/૨૦૨૦ના ઓફિસ મેમોરેન્ડમથી કોવિડ-૧૯ના સંક્રમણના કારણે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાને રાખી, તા.૦૧/૦૧/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ તથા તા.૦૧/૦૧/૨૦૨૧થી ચુકવવાપાત્ર થતું મોંઘવારી ભથ્થું સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. ત્યાર બાદ વંચાણ હેઠળના ક્રમાંક (૨)ના ભારત સરકારના તા.૨૦/૦૭/૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમથી કેન્દ્ર સરકારના કર્મચારીઓને ઉક્ત સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાંનું એકત્રીકરણ કરી તા.૦૧/૦૭/૨૦૨૧ની અસરથી ૧૭%ના દરમાં વધારો કરી ૨૮%ના દરે મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંક(૩)ના નાણા વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૧ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાંનું એકત્રીકરણ કરી તા.૦૧/૦૭/૨૦૨૧ની અસરથી ૧૭%ના દરમાં વધારો કરી ૨૮%ના દરે મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. અલબત્ત, તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા માટેનો મોંઘવારી ભથ્થાનો દર ૧૭% નો રહેશે તેવું ઠરાવેલ હતું. વંચાણ હેઠળના ક્રમાંક (૪)ના ભારત સરકારના તા.૦૭/૦૯/૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના જે કર્મચારીઓ તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યાર પછી અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ

હોય તેઓના કેસમાં ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતર માટે મોંઘવારી ભથ્થાનો દર તા.૦૧/૦૧/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ તથા તા.૦૧/૦૧/૨૦૨૧ના રોજ અનુક્રમે ૨૧%, ૨૪%, ૨૮% ગણતરીમાં લેવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના રોકડમાં રુપાંતર માટે જે તે તારીખે અમલમાં હોય તે મોંઘવારી ભથ્થાનો દર ગણતરીમાં લેવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

**ઠરાવ :**

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાનો દર નીચેની વિગતે ગણતરીમાં લેવા ઠરાવવામાં આવે છે.

| આ સમયગાળામાં નિવૃત્ત થનાર કર્મચારીઓ | ગણતરીના હેતુ માટે મોંઘવારી ભથ્થાની નોશનલ ટકાવારી |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી | મૂળ પગારના ૨૧% |
| તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી | મૂળ પગારના ૨૪% |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી | મૂળ પગારના ૨૮% |

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર તા.૦૧/૦૧/ ૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાના દરમાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા(AIS) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ(પેન્શન),
નાણા વિભાગ

પ્રતિ,

**નકલ રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર .
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ એન્ડ ઈ) ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ એન્ડ ઈ), ગુજરાત રાજ્ય, પો.બો.નં.૨૨૦,રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર/સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ તિજોરી અધિકારીશ્રીઓ/તમામ પેટા તિજોરી અધિકારીશ્રીઓ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/નિગમ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેક્ટ ફાઇલ પી શાખા

- પત્ર દ્વારા